મત્સ્યદ્યોગ પ્રભાગ હેઠળ વર્ષ ૨૦૨૬-૨૭ માં "ઓબીએમ બોટ માટે બોટ રીપ્લેસમેન્ટ યોજના" માટેની નવી બાબત અંગેની યોજનાકીય શરતો અને બોલીઓ બાબત

ગુજરાત સરકાર

કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

ઠરાવ ક્રમાંક: **ACD/BUM/e-file/2/2026/0115/T**

સચિવાલય, ગાંધીનગર

વંચાણે લીધા:-

(૧) મત્સ્યોધોગ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરનો પત્ર ક્રમાંક: COF/NIF/e-file/301/2026/0007/Marine, તા. ૦૨/૦૧/૨૦૨૬

(૨) મત્સ્યોધોગ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરનો પત્ર ક્રમાંક: COF/NIF/e-file/301/2026/0007/Marine, તા. ૧૦/૦૩/૨૦૨૬

<u>પ્રસ્તાવના:-</u>

ગુજરાત રાજ્યને ૨૩૪૦.૬૨ કિ.મી. લાંબા દરિયા કિનારાની કુદરતી ભેટ મળેલ છે. રાજ્યમાં કુલ ૧૦૪ ફીશ લેન્ડીંગ સેન્ટર આવેલા છે. રાજ્યમાં નાની મોટી આશરે ૯૧૬૭ ઓબીએમ બોટો Real Craft માં નોંધાયેલ છે.આ યોજનાથી પરંપરાગત માછીમારોને પોતાની હયાત નુકસાન થયેલી/ જર્જરિત મત્સ્ય બોટો કે જે ૫ વર્ષ અથવા તેથી વધુ જુની છે તેની સામે નવી બોટની ખરીદી પર સહાય આપી શકાશે. રાજ્યનાં મત્સ્ય ઉત્પાદનમાં વધારો થશે. રાજ્યના પરંપરાગત માછીમારોની આવકમાં વૃધ્ધિ તથા તેના નફાના માર્જિનમાં વધારો થશે. રાજ્યનાં માછીમારોને દરિયાની જોખમી માછીમારી માટે સુરક્ષા અને સલામતી પ્રદાન કરવામાં આવશે.દરિયાઈ પ્રદુષણમાં ઘટાડો થશે. આથી, માછીમારોની સલામતી અને સુરક્ષાને મજબુત કરવા માટે તથા બોટ માલિકની આવક વૃધ્ધિ માટે, હયાત બોટોની સી- વર્ધિનેશ વધારવા માટે હયાત બોટોનાં સ્થાને નવી બોટ આપવી જરૂરી જણાતી હોવાથી ઓબીએમ બોટ માટે બોટ રીપ્લેસમેન્ટ યોજનાને અમલમાં લાવવાનું આયોજન રાજ્ય સરકારે કરેલ છે.

ઉપર વંચાણે લીધેલ અનુક્રમે ક્રમ-(૧) અને (૨) સામે દર્શાવેલ મત્સ્યોધોગ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્રથી "ઓબીએમ બોટ માટે બોટ રીપ્લેસમેન્ટ યોજના" ને દરિયાઈ સાધનો પૂરા પાડવા અને પૂર્વજરૂરી સવલતો પૂરી પાડવાની યોજનાના બજેટ સદર : ૦૬-૨૪૦૫-૦૦-૧૦૩-૦૧ હેઠળ વર્ષ :૨૦૨૬-૨૭ ના અંદાજપત્રમાં નવી બાબતની સૈધ્ધાતિંક મંજૂરી મેળવવા માટે આ નવી બાબતની યોજનાકીય સૂચિત શરતો અને બોલીઓ સહ દરખાસ્ત કરવામાં આવેલ હતી જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>: ઠરાવ :</u>

વિચારણાને અંતે રાજ્ય સરકાર દ્વારા મત્સ્યોદ્યોગ પ્રભાગ હેઠળ રાજ્યમાં "ઓબીએમ બોટ માટે બોટ રીપ્લેસમેન્ટ યોજના " ની નવી બાબત માટે નીચે મુજબની શરતો ઠરાવવાનું નક્કી કરવામાં આવે છે.

**<u>શરતો:</u>**

(૧) અરજદાર દ્વારા અરજી કરવાની પ્રક્રિયાથી લઈને નાણાકીય સહાય ચૂકવવા સુધીની આખી પ્રક્રિયા I-khedut Portal મારફત કરવાની રહેશે.

(૨) લાભાર્થીએ સરકાર માન્ય રજીસ્ટર્ડ બોટ બિલ્ડીંગ યાર્ડ પાસેથી બોટ બનાવવાની રહેશે, સહાય મેળવવા માટે જિએસટી ધરાવતા અસલ બિલો તથા સાધનિક કાગળો અસલમાં જિલ્લા કચેરી ખાતે રજુ કરવાના રહેશે. જુની ખરીદ કરેલ બોટ પર સહાય મળવા પાત્ર થશે નહી. આ યોજના તળે માત્ર હોડી બાંધકામ માટે જ સહાય મળવાપાત્ર થશે. એન્જીન જેવી અન્ય સામગ્રી પર સહાય મળવાપાત્ર થશે નહી.

(૪) રાજ્ય સરકારશ્રીની વખતોવખતની સુચનાઓ મુજબ અમલવારી કરવાની રહેશે.

(૫) સદર પ્રોજેક્ટની યુનિટ કોસ્ટ રૂ. ૫.૦૦ લાખના ૫૦% એટલે કે રુ. ૨.૫૦ લાખ મહત્તમ સહાય અથવા ખરેખર થયેલ ખર્ચના ૫૦% બન્ને માંથી જે ઓછું હોય તે સહાય મળવાપાત્ર થશે.

(૬) આ લાભ માત્ર ૫ વર્ષ અથવા તેથી વધુ જુની રજીસ્ટર ઓબીએમ હોડીધારકોને જ મળવાપાત્ર થશે.

(૭) સહાય ચુકવતા પહેલાં સંલગ્ન જીલ્લા કચેરીએ બોટની ભૌતિક ખરાઈ કરી બોટ વેરીફીકેશન રીપોર્ટ આપવાનો રહેશે તથા જૂની હયાત બોટોનો મત્સ્યોદ્યોગ ખાતાના અધિકારીશ્રીની હાજરીમાં નિકાલ કરવાનો રહેશે અને તેની geo tagging ફોટોગ્રાફી અને વિડિયોગ્રાફી કરવાની રહેશે.

(૮) જૂની હયાત બોટોના નિકાલ બાદ સંલગ્ન કચેરીએ તેનો વીઆરસી તથા ફીશીંગ લાયસન્સ રદ કરવાના રહેશે અને રદ કરવા બદલનું પ્રમાણપત્ર આપવાનું રહેશે.

(૯) નવી બનાવેલ હોડી/ બોટનું રજીસ્ત્રેશન રીયલ ક્રાફ્ટમાં કરાવવાનું રહેશે.

(૧૦) નવી બનાવેલ બોટ લાભાર્થી ૫ વર્ષ સુધી વેચાણ કરી શકશે નહિ.

(૧૧) આ યોજના તળે સૈદ્ધાંતિક તેમજ નાણાકીય મંજૂરીની સત્તા વિભાગીય વડાને રહેશે.

(૧૨) ભારત સરકારશ્રીની PMMSY યોજના તળેના ઘટક "ઓબીએમ બોટ માટે બોટ રીપ્લેસમેન્ટ યોજના" હેઠળ સહાય મેળવેલ લાભાર્થીને સદર યોજના તળે લાભ મળવાપાત્ર થશે નહિ.

(૧૩) કુદરતી આપત્તિઓ/વાવાજોડા સમયે સંપૂર્ણ નાશ પામેલ OBM હોડીઓને સદર યોજના તળે લાભ મળવાપાત્ર થશે. આ કિસ્સામાં શરત નં. ૬ તથા ૭ લાગુ પડશે નહિ.

(૧૪) કુદરતી આપત્તિઓ સમયે દરિયામા ડૂબેલ/નાશ પામેલ બોટોના કિસ્સામાં પોલીસ FIR અરજી સાથે રજૂ કરવાની રહેશે.

(૧૫) કુદરતી આપત્તિઓ સમયે કિનારા પર લાંગરેલ OBM હોડીઓ સંપૂર્ણ નાશ પામેલ કિસ્સામાં જિલ્લા અધિકારીશ્રીનું રોજકામ રજૂ કરવાનું રહેશે.

(૧૬) વર્ષ ૨૦૨૦-૨૧ થી કુદરતી આપત્તિઓ/વાવાજોડા સમયે સંપૂર્ણ નાશ પામેલ OBM હોડીઓને સદર યોજના તળે લાભ મળવાપાત્ર થશે. અગાઉના વર્ષમાં નાશ પામેલ હોડીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે નહીં. "તાઉતે" વાવાઝોડા દરમિયાન નાશ પામેલ હોડીના કિસ્સામાં "તાઉતે" પેકેજ સહાય તળે લાભ મેળવેલ લાભાર્થીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે નહીં.

(૧૭)લાભાર્થીઓએ ખાતરી આપવાની રહેશે કે “ઓબીએમ બોટ માટે બોટ રીપ્લેસમેન્ટ યોજના” માટેની સહાય ઘટકની સુવિધાઓ કાર્યરત સ્થિતિમાં જાળવવામાં આવશે.

(૧૮) લાભાર્થી દ્વારા બોટનો ઉપયોગ માછીમારીના હેતુઓ સિવાય અન્ય હેતુ માટે કરવામાં આવે તે કિસ્સામાં, ચુકવેલ સહાયની રકમ ૧૨% વ્યાજ સાથે લાભાર્થીએ પરત સરકારશ્રીને ચૂકવવાની રહેશે તેમજ બોટ રજીસ્ટ્રેશન રદ કરવામાં આવશે.

(૧૯) આ ઘટક તળે સહાય મેળવવા લાભાર્થીનું મત્સ્યોદ્યોગ ખાતાનું લેણું બાકી નથી તે મુજબનું જીલ્લા અધિકારીએ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. લાભાર્થીએ ખરીદી અંગેના તેમજ કામગીરીના GST પાકા બિલો, વાઉચરો,પહોંચો તમામ અસલમાં જિલ્લા કચેરી ખાતે રજૂ કરવાના રહેશે.

(૨૦) લાભાર્થી ગુજરાત રાજ્યનો વતની હોવો જોઈએ.

આ અંગેનો ખર્ચ નીચેના બજેટ સદરે કરવાનો રહેશે.

| | | |
|---|---|---|
| માંગણી નં | : | ૦૦૬ |
| સેકટર | : | ગ : આર્થિક સેવાઓ |
| સબસેકટર | : | ક : કૃષિ અને સંલગ્ન પ્રવૃતિઓ |
| મુખ્યસદર | : | ૨૪૦૫-મત્સ્યોદ્યોગ |
| ગૌણસદર | : | ૧૦૩-દરિયાઈ મત્સ્યોદ્યોગ |
| પેટા સદર | : | ૦૧. એફએસએચ-૭. ૧૦૩ (૦૧) દરિયાઇ મત્સ્યોદ્યોગ સાધનો પૂરા પાડવા અને પૂર્વજરૂરી સવલતો |

આ હુકમો આ વિભાગની સમાનાંકી ઈ- ફાઈલ પર અધિક મુખ્ય સચિવશ્રી(નાણાં) અને સરકારશ્રીની મળેલ અનુમતિ અન્વયે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ક્રિનલ જાની)

સેકશન અધિકારી

કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

પ્રતિ ,

(૧) માન. મંત્રીશ્રી, મત્સ્યોદ્યોગના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય ગાંધીનગર

(૨) માન.રા.ક.મંત્રીશ્રી, મત્સ્યોદ્યોગના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય,ગાંધીનગર

(૩) અધિક મુખ્ય સચિવશ્રી, (મત્સ્યોદ્યોગ)ના રહસ્ય સચિવશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૪) મત્સ્યોદ્યોગ કમિશનરશ્રી, મત્સ્યોદ્યોગ કમિશનરશ્રીની કચેરી , ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૫) નાણાં સલાહકારશ્રી, (કૃષિ )કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૬) ઉપ મહાલેખાકારશ્રી(ઈએસ-૧) એકાઉન્ટન્ટ જનરલશ્રીની કચેરી, અમદાવાદ(ઈ એન્ડ એસ ઓડીટ) ઓડીટ ભવન, નવરંગપુરા, અમદાવાદ.

(૭) એકાઉન્ટટ જનરલશ્રીની કચેરી, રાજકોટ

(૮) બજેટ શાખા/આયોજન શાખા કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૯) નિવાસી તપાસણી અધિકારીશ્રી ,ગાંધીનગર

(૧૦)પગાર અને હિસાબી અધિકારીશ્રી ,ગાંધીનગર.

(૧૧) I T શાખા, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની સાઈટ પર અપલોડ કરવાની વિનંતી સહ.

(૧૨) સીલેકટ ફાઇલ.

Signature Not Verified

Signed by:Krinal V Jani
Section Officer
Date:2026.04.01
13:31:48 +5:30

File No: ACD/BUM/e-file/2/2026/0115/T Section - Fisheries Schemes
Approved By: Deputy Secretary,T Section - Fisheries Schemes,ACD

Open the document in Adobe Acrobat DC to verify the E-sign